**GJSK140010452022**

**CR EN/26/2022**

**AMBIKA AUTO FINANCE PATEL JAYBHAI KANTIBHAI Vs. TEJABHAI BHIKHABHAI NINAMA**

## :: આંક-૧ લગત હુકમ ::

અરજી વંચાણે લીધી આ કામે રજુ થયેલ આંક-૩થી પુરશીશ તથા માર્ક ૩/૧ થી રજુ થયેલ ફરીયાદીના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ,વડાલી શાખામા એકાઉન્ટની પાસબુકના પ્રથમ પેજની ઝેરોક્ષ તથા માર્ક-૩/૨ ફરીયાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ,વડાલી શાખા ના ખાતાની ચેક ની ઝેરોક્ષ થી વંચાણે લીધી. જેમા ફરીયાદીનુ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ,વડાલી શાખામા ચાલતા ખાતાની હોમબ્રાન્ચ વડાલી મુકામે આવેલ છે તેમ જણાય છે જેથી ફરીયાદીને અત્રેની અદાલતમા કેસ દાખલ કરવાની હકુમત લાગે છે તથા ફરીયાદીની ફરીયાદ વેરીફીકેશન તથા દસ્તાવેજી પુરાવા વંચાણે અને ધ્યાને લેતાં ફરીયાદીને આરોપી ધ્વારા ફરીયાદીના કાયદેસરના લ્હેણા પેટે ચેક ઈસ્યુ કરવામાં આવેલ હોવાનું પ્રથમ દ્રષ્ટિએ જણાઈ આવે છે તેમજ સદરહું ચેક તેની સમય મર્યાદામાં ફરીયાદી ધ્વારા બેંકમાં રજુ કરવામાં આવેલ છે. જે વગર સ્વીકારાયે પરત ફરેલ છે. જે બાદ આરોપીને ફરીયાદી ધ્વારા સમય મર્યાદામાં નોટિસ આપવામાં આવેલ છે. જે આરોપીને તેના સરનામે બજેલ હોય ધોરણસર બજી ગયેલ હોવાનું અને આરોપીને નોટિસની જાણ થયેલ હોવાનું માનવાને કારણ રહે છે. આરોપી ધ્વારા ફરીયાદીને ચેકની રકમ આરોપી ધ્વારા ફરીયાદીને પરત કરવામાં આવેલ નથી કે નોટિસનો કોઈ જવાબ આપેલ નથી જે તમામ હકીકતો જોતાં આરોપી વિરૂધ્ધ કેસ ચલાવી શકાય એમ છે, એવું ફલીત થતું હોવાથી ફોજદારી કેસ રજીસ્ટરે લેવા તથા નકલ રજુ કર્યેથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ - ૨૦૪ હેઠળ આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ના મુજબનો ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં બનતો હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવતુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ::-હુકમ ::-

સદર ક્રિમીનલ ઈન્કવાયરી મંજુર કરી ફૈસલ કરવાનો હુકમ કરવામા આવે છે અને સદર ઈન્કવાયરીને ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.

સી.આર.પી.સી. કલમ–૨૦૪ અન્વયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ– ૧૩૮ મુજબનો તા. ૦૧/૧૨/૨૦૨૨ ના રોજનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૨૨ મી, માહે –નવેમ્બર, સને – ૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાવાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ :૨૨/૧૧/૨૦૨૨.
સ્થળ : વડાલી.

**( એમ. એમ. સૈયદ )**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
વડાલી, જી. સાબરકાંઠા.
જજ કોડ–જીજે૦૧૪૫૨.